# श्रीसोमनाथसंस्कृतयुनिवर्सिटी

(Estd.by Govt.of Gujarat)
**(Accredited by NAAC A+ Grade (CGPA 3.42)**
Rajendrabhuvan Road,**Veraval**,Dist-Gir Somnath-362266
Ph-02876-244528/244532
Web : www.sssu.ac.in E-Mail-sssu.exam@gmail.com

UGC-12B

Ref : SSSU/Exam/ રીસર્ચ પ્રોજેક્ટ/3170/22 Date:06-12-2022

પરિપત્ર નં. ::– **31**

<u>વિષય :–</u> શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧–૨૨ થી શાસ્ત્રી તથા આચાર્ય કક્ષામાં શરૂ કરેલ નવા અભ્યાસક્રમમાં સમાવેશ કરેલ "રીસર્ચ પ્રોજેક્ટ"ના અમલીકરણ બાબતે.

<u>વંચાણે લીધા :–</u>

(૧) યુનિવર્સિટીના પત્ર ક્રમાંક : સસયુ/પરીક્ષા/૧૨૬૪/૨૨ તા.૨૩/૦૩/૨૦૨૨
(૨) ફેકલ્ટી ડીનશ્રીઓ સાથેની તા.૨૦/૦૬/૨૦૨૨ની ઓનલાઈન બેઠકની કાર્યનોંધ
(૩) એકેડેમીક કાઉન્સીલની તા.૩૦/૦૬/૨૦૨૨ની બેઠકના ઠરાવ નં.૪૨:૨૬.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧–૨૨ થી નવો અભ્યાસક્રમ શરૂ કરેલ છે.જેમાં શાસ્ત્રી કક્ષામાં સેમેસ્ટર–૪ તથા સેમેસ્ટર–૬ અને આચાર્ય કક્ષામાં સેમેસ્ટર–૨ અને સેમેસ્ટર–૪માં રીસર્ચ પ્રોજકેટ (૫૦ ગુણના ૨ ક્રેડિટ)નો સમાવેશ કરવામાં આવેલ છે.

શૈક્ષણિક વર્ષ :૨૦૨૨–૨૩ અન્વયે શાસ્ત્રી કક્ષા સેમેસ્ટર–૪ માં (નવા અભ્યાસક્રમ મુજબ) તથા આચાર્ય કક્ષામાં સેમેસ્ટર–૨ અને સેમેસ્ટર–૪ માં રીસર્ચ પ્રોજેક્ટનો સમાવેશ કરેલ હોઈ, તેના અમલીકરણ માટે નીચેની સૂચનાઓ ધ્યાને લઈ કામગીરી કરવા વિનંતી છે.

(૧) રીસર્ચ પ્રોજેક્ટ (૫૦ ગુણ) માં ૪૦ % લેખે ૨૦ ગુણ પાસીંગ ધોરણ છે તથા તેમાં પાસ થવું ફરજિયાત રહેશે. રીસર્ચ પ્રોજેક્ટનું પુનઃ મૂલ્યાંકન (રી–એસસમેન્ટ ) કરાવી શકાશે નહી.

(૨) વિદ્યાર્થીઓએ રીસર્ચ પ્રોજકેટનો વિષય શાસ્ત્રી / આચાર્ય કક્ષામાં રાખેલ મુખ્ય વિષય (શાસ્ત્ર) આધારિત પસંદ કરવાનો રહેશે.

(૩) વિદ્યાર્થીએ રીસર્ચ પ્રોજેક્ટ મહાવિદ્યાલય / કોલેજના સંબંધિત અધ્યાપકશ્રીના માર્ગદર્શનમાં લખવાના રહેશે તથા નિયત સમયમાં મહાવિદ્યાલય / કોલેજમાં જમા કરાવવાનો રહેશે.

...૨

(૪) વિદ્યાર્થીઓને રીસર્ચ પ્રોજેકટ લખવા માટે ઉત્તર પુસ્તિકા યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે ઉત્તરપુસ્તિકામાં આપેલ સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

(૫) રીસર્ચ પ્રોજેકટનું મૂલ્યાંકન (આંતરીક મૂલ્યાંકન) મહાવિદ્યાલય / કોલેજ કક્ષાએ મૂલ્યાંકનની માર્ગદર્શક સૂચનાઓને ધ્યાને લઈ કરવાનું રહેશે. તથા તેમાં મેળવેલ ગુણની એન્ટ્રી યુનિવર્સિટીના સોફ્ટવેર(www.sssu.in)માં મહાવિદ્યાલય કક્ષાએથી કરવાની રહેશે. રીસર્ચ પ્રોજેકટના મૂલ્યાંકનની ગુણશીટ વિદ્યાર્થીઓના રીસર્ચ પ્રોજેકટ સાથે યુનિવર્સિટીને મોકલી આપવાની રહેશે.

(૬) બારકોડ તથા ખાખી સ્ટીકર લગાવ્યા વગર રીસર્ચ પ્રોજેકટ યુનિવર્સિટીને મોકલી આપવાનો રહેશ.

(૭) રીસર્ચ પ્રોજેકટની પુસ્તિકાઓ સેમેસ્ટર પરીક્ષાની ઉત્તરવહીઓ સાથે અલગથી તેની વિગતો દર્શાવતા પત્રની સાથે અલગ બંડલમાં "રીસર્ચ પ્રોજેકટની પુસ્તિકાઓ" એમ લખી મોકલી આપવાની રહેશે.

(૮) રીસર્ચ પ્રોજેકટનું મોડરેશન કરવામાં આવશે.

(૯) વિદ્યાર્થી દ્વારા જમા કરાવેલ રીસર્ચ પ્રોજકેટમાં થી બેસ્ટ નમૂનારૂપ રીસર્ચ પ્રોજેકટમાંથી બેસ્ટ તથા નમૂનારૂપ રીસર્ચ પ્રોજેકટની માહિતી યુનિવર્સિટીને મોકલી આપવાની રહેશે.

(૧૦) રીસર્ચ પ્રોજેકટના માર્ગદર્શન માટે સંબંધિત ફેકલ્ટીના ડિનશ્રીનો સંપર્ક કરી શકાશે.

સદર પરીપત્ર મા.કુલપતિશ્રીની મંજુરી આધીન બહાર પાડવામાં આવે છે.

(ડો.દશરથ જાદવ)
કુલસચિવ
Registrar
Shree Somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી
વેરાવળ ગીર સોમનાથ

**નકલ રવાના :-**

પ્રતિ,

૧) માન.કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ

૨) યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલય / કોલેજ / અનુસ્નાતક ભવનના પ્રધનાચાર્યશ્રી / અધ્યક્ષશ્રી તરફ અમલવારી સારૂ

૩) કમ્પ્યુટર પ્રોગ્રામરશ્રી તરફ – યુનિ.ની વેબસાઈટ પર મૂકવા સારૂ.